

# મિશન વિદ્યા 2018



શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય

# મિશન વિદ્યા

- ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમ : ‘મિશન વિદ્યા’
- સમયગાળો : **23 જુલાઇ, 2018 - 31 ઓગષ્ટ, 2018 (31 કાર્ય દિવસ)**
- લક્ષ્યજૂથ : **ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ માટે વાચન, લેખન અને ગણન અંતર્ગત ઉપચારાત્મક શિક્ષણ કાર્ય**



# મિશન વિદ્યાનો શુભારંભ



- મિશન વિદ્યાનો પ્રારંભ માન. મુખ્યમંત્રીશ્રી સરકારી પ્રાથમિક શાળામાં ઉપસ્થિત રહી કરાવશે.
- તમામ મંત્રીશ્રીઓ, પ્રભારી સચિવશ્રીઓ, રાજ્ય સ્તરના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ જિલ્લા સ્તરના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમને ફાળવેલ શાળામાં જઇ મિશન વિદ્યાનો પ્રારંભ કરાવશે.
- સમગ્ર મિશનનાં પ્રચાર પ્રસાર માટેની વ્યવસ્થા

# તાલીમ આયોજન

- ઉપચારાત્મક કાર્ય કરવા જરૂરી સાહિત્ય તેમજ તાલીમ જીસીઇઆરટી તેમજ એસ.એસ.એ. દ્વારા આપવામાં આવશે.
- જરૂર જણાયે બાયસેગના માધ્યમથી તાલીમ આપવામાં આવશે.
- જિલ્લા કક્ષાએ તાલીમનું આયોજન જીસીઇઆરટી / ડાયટ દ્વારા કરવામાં આવશે.
- જરૂર જણાયે રાજ્યના તમામ વિભાગોના અધિકારીઓ અને શિક્ષણ વિભાગ અંતર્ગત કાર્યરત તમામ અધિકારીઓ/કર્મચારીઓ માટે ટેલિકોન્ફરન્સ કરવામાં આવશે.

# રાજ્યકક્ષાએ અમલીકરણ

- શિક્ષણ વિભાગ દ્વારા ઠરાવ/પરિપત્ર થયેલ છે.
- રાજ્યકક્ષાએ કંટ્રોલ રૂમ - પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, એસ.એસ.એ. કચેરી ખાતે
- Executive Committee ની રચના -
  - અગ્રસચિવ (શિક્ષણ) – અધ્યક્ષ
  - નિયામક, શાળાઓની કચેરી
  - સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન
  - નિયામક, પ્રાથમિક શિક્ષણ
  - નિયામક, જી.સી.ઇ.આર.ટી. – સભ્ય સચિવ
- દર પંદર દિવસે Executive Committee ની બેઠક યોજવાની રહેશે.

# રાજ્યકક્ષાએ અમલીકરણ

- રાજ્યકક્ષાએથી શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓને જિલ્લાઓના મોનીટરીંગની જવાબદારી સોંપવામાં આવશે.
- અન્ય વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ પણ સ્વૈચ્છિક રીતે આ કાર્યક્રમમાં જોડાઇ શકે. જેઓને ઇચ્છિત જિલ્લા/તાલુકા કે ગામ ફાળવી શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવશે.
- સઘન ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમની સાથોસાથ અન્ય કોઇપણ કાર્યક્રમ ન યોજવામાં આવે તે સુનિશ્ચિત કરવામાં આવશે. તેમજ શિક્ષકને અન્ય કોઇ કામગીરી ન સોંપવામાં આવે તે સુનિશ્ચિત કરવામાં આવશે.

# રાજ્યકક્ષાએ અમલીકરણ

- મિશન વિદ્યા માટે **વેબ પોર્ટલ** શરૂ કરવામાં આવશે, જેમાં
  - શાળાના ગુણોત્સવ-8ના પરિણામ આધારે વિદ્યાર્થીવાર પરિણામ **(X1)**
  - શરૂઆતમાં શિક્ષક દ્વારા થનાર વાચન, લેખન અને ગણનમાં મેળવેલ ગુણની વિગત **(X2)**
  - શિક્ષકો દ્વારા દર પંદર દિવસે થનાર મૂલ્યાંકનની વિદ્યાર્થીવાર વિગત **(X3, X4)**
  - સમગ્ર મિશનના અંતે થનાર મૂલ્યાંકનની વિગતો **(X5)**
- વેબ પોર્ટલના આધારે શાળાથી લઈને રાજ્ય સુધીનું ડેશબોર્ડ
- **ડેશબોર્ડ** દ્વારા દરેક સ્તરે મોનીટરીંગની સમીક્ષા

# જિલ્લા કક્ષાએથી કરવાની કાર્યવાહી

- Implementing Committeeની રચના કરવામાં આવશે, જેમાં,
  - જિલ્લા વિકાસ અધિકારી (અધ્યક્ષ)
  - જિલ્લા શિક્ષણાધિકારી
  - પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
  - જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (સભ્ય સચિવ)
- દર અઠવાડિયે Implementing Committeeની બેઠક
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી દ્વારા મોનિટરીંગ દરેક સ્તરે જવાબદારી નક્કી કરવાની રહેશે.

# જિલ્લા કક્ષાએથી કરવાની કાર્યવાહી

- જિલ્લામાં દરેક સીઆરસી., બીઆરસી., કે.નિ., ટીપીઇઓ., બીઆરપી., ઓઆઇસી., તથા ડાયટ વ્યાખ્યાતાઓને ચોક્કસ શાળાઓની ફાળવણી
  - સી.આર.સી. 5 શાળાઓ
  - બી.આર.પી. 6 શાળાઓ
  - જિલ્લા ઓ.આઇ.સી. 3 શાળાઓ
  - કે.નિ. 4 શાળાઓ
  - ટી.પી.ઇ.ઓ. 2 શાળાઓ
  - બી.આર.સી. 2 શાળાઓ
  - ડાયટ વ્યાખ્યાતાઓ 2 શાળાઓ
- ફાળવવામાં આવેલ શાળાઓમાં સઘન માર્ગદર્શન તેમજ મોનિટરીંગ

# શાળા કક્ષાએ અમલીકરણ યોજના

- જે તે ધોરણના વર્ગશિક્ષક તમામ વિદ્યાર્થીનું વાચન, લેખન અને ગણન સંદર્ભે મૂલ્યાંકન કરશે.
- નબળું પરિણામ ધરાવતા વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવામાં આવશે.
- જેની ચકાસણી સી.આર.સી. દ્વારા કરવામાં આવશે.
- **લક્ષ્ય જૂથ : ધોરણ 6 થી 8 માં** નબળું પરિણામ ધરાવતા તમામ વિદ્યાર્થીઓ
  - **શાળા સમય પહેલાં એક કલાક** તેમજ
  - **શાળા સમય દરમિયાન બે કલાક** વાચન, લેખન અને ગણન માટે ઉપચારાત્મક કાર્ય
  - વર્ગશિક્ષક કે શાળા દ્વારા નક્કી કરવાનાં આવે તે મુજબ કરાવવામાં આવશે.



- **આમ, કુલ 3 કલાકનું ઉપચારાત્મક શિક્ષણ કાર્ય 'મિશન વિદ્યા' નાં સમયગાળા દરમિયાન દરરોજ કરવામાં આવશે.**

# શાળા કક્ષાએ અમલીકરણ યોજના

- ગુણોત્સવ-8ના પરિણામના આધારે વાચન, લેખન અને ગણન માટે **ધોરણ 3 થી 5 માં** જે વિદ્યાર્થીઓના 10 ગુણમાંથી 5 અને તેનાથી ઓછા ગુણ આવેલ છે, તે તમામ વિદ્યાર્થીઓ માટે **શાળા સમય દરમિયાન બે કલાક** ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કરવાનું રહેશે.
- વર્ગખંડમાં હોશિયાર વિદ્યાર્થીઓની મદદથી ઉપચાર મેળવતા વિદ્યાર્થીઓ સાથે સહ-અધ્યાયી અધ્યયન (Peer learning) કરાવવામાં આવશે.

# શાળા કક્ષાએ અમલીકરણ યોજના

- શાળા સમયબાદ આ વિદ્યાર્થીઓને મહાવરો કરાવવાની કામગીરી જે તે ગામના સ્વયંસેવકો (જેવા કે, ઉચ્ચ અભ્યાસ કરેલ અથવા કરતાં યુવક-યુવતીઓ, નિવૃત્ત કર્મચારીઓ તેમજ સેવાભાવી સંસ્થાના કાર્યકરો) દ્વારા પણ કરવામાં આવે તેવા પ્રયત્નો કરવાના રહેશે.
- મિશન વિદ્યા દરમિયાન શિક્ષકો દ્વારા શરૂઆતથી લઇ દર પંદર દિવસે વિદ્યાર્થીઓના મૂલ્યાંકનના ગુણ પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે.

# મૂલ્યાંકન

- સમગ્ર કાર્યક્રમના અંતે ધોરણ 6 થી 8ની તમામ શાળાઓના બાળકોનું વાચન, લેખન અને ગણન સંદર્ભે ગુણોત્સવ પેટર્ન અનુસાર મૂલ્યાંકન જીસીઇઆરટી / એસએસએ દ્વારા કરવામાં આવશે.
- મૂલ્યાંકન પ્રક્રિયા સમગ્ર રાજ્યમાં ત્રણ દિવસ ચાલશે.
- આ મૂલ્યાંકન કાર્ય થર્ડ પાર્ટી દ્વારા કરવામાં આવશે.

# આભાર